# કર્ણાટકની રૂ.૪ કરોડની લૂંટનો આરોપી ઉમરપાડાથી ઝડપાયો

**પોલીસને** જોઈને આરોપીએ ખેતરોમાં ભાગવાનો પ્રયાસ કર્યો, પણ પોલીસે દબોચી લીધો



વિનોદ ભેસુરીયા

વાંકલ: સુરત ગ્રામ્યની ઉમરપાડા પોલીસ અને કર્ણાટક રાજ્યની મેંગ્લોર સિટી પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરી એક વર્ષથી નાસતા-ફરતા ખતરનાક આરોપીને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ આરોપી કર્ણાટકના ઉલ્લાલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂ.૪ કરોડથી વધુની લૂંટના ગુનામાં વોન્ટેડ હતો.

ઉમરપાડા પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે.ભરવાડ અને મેંગ્લોર સિટીના પીએસઆઈ સંતોષ કુમારને બાતમી મળી હતી કે, કર્ણાટકની રૂ.૪ કરોડની લૂંટનો વોન્ટેડ આરોપી ઉમરપાડાના ઉંચવાણ ગામની સીમમાં આવેલી 'ન્યૂ ધ ગ્રેટ આદિવાસી દેશી ચિકન|એગ સેન્ટર' નામની દુકાન પર હાજર છે. ઝડપાયેલા આરોપીનું નામ ધર્મવીર સિંગ વિરેન્દ્ર સિંગ છે, જે મૂળ ઉત્તર પ્રદેશના ફતેહપુરા જિલ્લાના દત્તોલી ગામનો વતની છે અને હાલ સુરતના પુણા ગામના ગણેશનગર વિસ્તારમાં રહેતો હતો.

પોલીસને જોઈને આરોપીએ ખેતરોમાં ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટીમોએ પીછો કરીને તેને દબોચી લીધો હતો. આરોપી વિરુદ્ધ કર્ણાટકના ઉલ્લાલ પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ.ની વિવિધ કલમો તેમજ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયેલ છે. પ્રાથમિક પૂછપરછમાં તેણે ગુનાની કબૂલાત કરતાં ઉમરપાડા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી માટે તેને કર્ણાટક પોલીસને સુપરત કર્યો છે.

# પાંડેસરામાં જૂની અદાવતમાં દંપતી પર હિંસક હુમલો

**ચાર** દિવસ પહેલા થયેલા ઝઘડાનું સમાધાન થઇ ગયું હતું

**પોલીસે** ગુનો નોંધીને નેહાલ, કરણ અને આકાશ નામના આરોપીઓની શોધખોળ શરૂ કરી

સુરત: પાંડેસરામાં ડીજે ચલાવતા યુવકને રસ્તામાં આંતરી ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો, જેમાં યુવકની પત્ની પણ ઈજાગ્રસ્ત થઈ હતી. જે વિવાદમાં ચાર દિવસ પહેલાં જ સમાધાન થઈ ગયું હતું, તે વિવાદમાં ફરીથી લોહી ઉકળતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

મૂળ ઉત્તરપ્રદેશના વારાણસીના વતની અને હાલ પાંડેસરાના ગોપાલ નગરમાં રહેતા ૩૭ વર્ષીય ધર્મેન્દ્ર રાજમણી મોર્યા ડીજે સાઉન્ડ ચલાવે છે. ગત ૫મી મેના રોજ તેમની આકાશ નામના યુવક સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી. તે સમયે વડીલોની મધ્યસ્થીથી સમાધાન થઈ ગયું હતું. જોકે, આકાશ અને તેના સાથીદારોએ અદાવત રાખી હતી. ગઈકાલે રાત્રે ધર્મેન્દ્ર મોર્યા પોતાના ઘરેથી નજીકની ડેરીમાંથી દૂધ લઈને પરત ફરી રહ્યો હતો ત્યારે પૂર્વ આયોજિત કાવતરા મુજબ નેહાલ, કરણ અને આકાશે તેના પર તૂટી પડ્યા હતા અને ઠીક્કામુક્કીનો માર મારવા લાગ્યા હતા. ઝઘડાના અવાજ અને પતિની ચીસ સાંભળીને ધર્મેન્દ્રની પત્ની તેને બચાવવા માટે દોડી આવી હતી. જોકે, ઉશ્કેરાયેલા નેહાલે પત્ની પર પણ હુમલો કરી તેને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલાને પગલે આસપાસના લોકો એકઠા થઈ જતાં આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા.

# વિજયે તામિલનાડુની ચૂંટણી જીતવા માટે સોશ્યલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કર્યો હતો






તમિલ ફિલ્મસ્ટાર જોસેફ વિજયની પાર્ટી TVK તામિલનાડુ વિધાનસભામાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. જાતજાતની અટકળો વચ્ચે રાજ્યપાલ દ્વારા તેમને સરકાર બનાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમણે અને તેમની ટીમે બે રાજકીય પક્ષો વચ્ચે ઝૂલતા તમિલનાડુના રાજકારણમાં અસરકારક અભિયાન ચલાવીને પોતાના માત્ર બે વર્ષ જૂના પક્ષ માટે એક સ્થાન બનાવ્યું છે. મતદારોને આકર્ષવા માટે રાજકીય પક્ષોના નેતાઓ અને કાર્યકરો સામાન્ય રીતે જાહેર સભાઓ કરે છે અથવા ઘરે ઘરે જઈને પ્રચાર કરે છે, પરંતુ TVK યંગ મતદરોને આકર્ષવા માટે એક સોશ્યલ મીડિયા ઝુંબેશ શરૂ કરી, જેમાં ટેકનોલોજીનો ઉપયોગ એ જ રીતે કરવામાં આવ્યો જે રીતે ગ્રાહક ઉત્પાદનના માર્કેટિંગમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઝુંબેશમાં યુવાનો, ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો અને મહિલાઓને પણ સામેલ કરવામાં આવ્યા હતા, જે બધાએ એક શાંત પણ અસરકારક રીતે ઝુંબેશ ઊભી કરી દીધી હતી.

રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય લીધા પછી વિજયે જે વાતો કહી તે લોકોના હૃદયને સ્પર્શી ગઈ. આજે વિજય તમિલનાડુનો સૌથી મોટો અને લોકપ્રિય ફિલ્મસ્ટાર છે. તે એક ફિલ્મ માટે ૨૦૦ કરોડ રૂપિયા સુધી ચાર્જ કરે છે. તેથી જ્યારે તેણે રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય કર્યો, ત્યારે તેણે લોકોને કહ્યું કે જુઓ, હું મારી ૨૦૦ કરોડ રૂપિયાની કમાણી છોડીને તમારા માટે આવી રહ્યો છું. આ સંદેશ સીધો સામાન્ય લોકોના હૃદયને સ્પર્શી ગયો હતો. આ તેમની પહેલી મોટી સફળતા હતી. આ પછી તેમણે લોકો સાથે બીજું ભાવનાત્મક જોડાણ બનાવ્યું. વિજયે કહ્યું કે હું તમારો બાળક છું, કૃપા કરીને મારી સંભાળ રાખજો. રાજકારણીઓ મતદારો સાથે ભાવનાત્મક જોડાણ બનાવવાનો પ્રયાસ કરે છે તે કંઈ નવું નથી, પરંતુ વિજયે એક નવો રસ્તો પસંદ કર્યો. બાળકોને સીધું સંબોધન કરતાં તેમણે કહ્યું કે તમારાં માતા-પિતા, કાકા, કાકી, દાદા-દાદી, સાળા અને ભાભીઓને કહો કે આ વિજય મામાને એક તક આપે. બાકીના બે પક્ષોને પહેલેથી જ તક આપવામાં આવી છે.

વિજયના રાજકારણમાં પ્રવેશનો પાયો તેમના પિતા ફિલ્મ દિગ્દર્શક ચંદ્રશેખરન દ્વારા ઘણા સમય પહેલાં નાખવામાં આવ્યો હતો. ચંદ્રશેખરન કોઈ સામાન્ય દિગ્દર્શક નહોતા. તેમણે સુપરસ્ટાર રજનીકાંતનું દિગ્દર્શન પણ કર્યું હતું. છેલ્લાં ૧૦-૧૫ વર્ષોમાં વિજયની ફિલ્મોનું ધ્યાન તેમની એવી છબી બનાવવા પર રહ્યું છે જે સ્ત્રીઓ અને બાળકોને આકર્ષિત કરે.

વિજયનું ચૂંટણી પ્રતીક સીટી તેમની તમિલ ફિલ્મ બિગિલમાંથી લેવામાં આવ્યું છે, જે ચક દે ઈન્ડિયાની રીમેક છે, જેમાં શાહરૂખ ખાન હોકી ટીમના કોચની ભૂમિકા ભજવે છે. બિગિલમાં વિજય એક ફૂટબોલ ટીમને કોચ કરે છે. જો તમે બિગિલ જોશો, તો તમને તેમાં વિજયના બધા યુવાન, વૃદ્ધ અને સ્ત્રી મતદારો દેખાશે. ૨૦૨૧ માં આવેલી તેમની એક ફિલ્મ બાળકો અને સુધાર ગૃહો પર કેન્દ્રિત હતી. તેમાં તેમણે પોતાને એક રક્ષક તરીકે રજૂ કર્યા છે. આ ખૂબ જ કાળજીપૂર્વક રચાયેલી છબી છે. લોકો માને છે કે જો તેઓ સત્તામાં આવશે, તો તેઓ તેમને મદદ કરશે.

રાજકારણીઓથી વિપરીત, વિજય લાંબાં ભાષણો આપતા નથી. તેમની શૈલી ફિલ્મોની જેમ પંચ સંવાદો સાથે સરળ રહી છે.

વિજયે આખા રાજ્યનો પ્રવાસ કરીને ભાષણો આપ્યાં નહીં. તેમણે ફક્ત ૧૦ કે ૧૫ જાહેર સભાઓ અને રોડ શો કર્યાં. રજનીકાંત અને કમલ હાસનની જેમ વિજયમાં પણ દ્વિ-પેઢીનું આકર્ષણ છે, પરંતુ તેમણે સીધાં બાળકોને સંબોધ્યાં. ડીએમકેના એમ.કે. સ્ટાલિન બાળકોને કહેતા હતા કે સારી રીતે અભ્યાસ કરો, તમારાં માતાપિતા તમારા પર વિશ્વાસ કરે છે. એઆઈએડીએમકેના પલાનીસ્વામી શૈક્ષણિક સંસ્થાઓ માટે બનાવેલી માળખાકીય સુવિધાઓ વિશે વાત કરતા હતા. પરંતુ વિજયનો સંદેશ હતો કે સીટી વગાડો અને તમારાં માતા-પિતાને તમારા માટે મત આપવાનું કહો. જ્યારે લોકો તમારા પર આટલો બધો વિશ્વાસ કરે છે અને તમને ખૂબ પસંદ કરે છે, ત્યારે તમારે બાળકો સાથે શિક્ષણ અને જવાબદારી વિશે પણ વાત કરવી જોઈએ.

વિજય આગામી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે એમ પણ કહ્યું છે કે મને સત્તા આપો અને પછી જુઓ હું શું કરું છું. વિજયની પાર્ટીના ઉમેદવારો સામાન્ય લોકો છે. આમાં વાન ડ્રાઇવરો અને માંસની દુકાનના માલિકો પણ સામેલ છે જેમણે ૧૦મું ધોરણ પાસ કર્યું છે. આવાં લોકો ચૂંટણી જીતી ગયા છે. તેમની સરકાર સામાન્ય લોકોની સરકાર હશે. આ ઉપરાંત, પાર્ટીએ અનુસૂચિત જાતિ પરિવારોનાં આઠ ઉમેદવારોને ટિકિટ આપી હતી અને તેમાંથી ચાર સામાન્ય બેઠકો પરથી જીત્યાં હતાં, આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કારણ કે દ્રવિડિયન પક્ષો પર ઘણી વાર દલિત મુદ્દાઓ પર નબળા હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. વિજયની જાહેર છબી ખૂબ કાળજીપૂર્વક બનાવવામાં આવી છે.

પત્રકારો 'અછત અસર'ને ઉદાહરણ તરીકે ટાંકે છે, જેનો ઉપયોગ માઈકલ જેક્સન દ્વારા કરવામાં આવ્યો હતો. અછતની અસરનો અર્થ એ છે કે વ્યક્તિ એટલી દુર્લભ અને અસ્પષ્ટ બની જાય છે કે તે પોતાનામાં એક બ્રાન્ડ બની જાય છે. આ કારણે લોકો તેમને જોવા માટે ઝંખતાં હતાં. આનાથી તેમની આસપાસ એક અલગ જ આભાનું નિર્માણ થયું. ટીવીકેએ એક મોબાઇલ એપ પણ લોન્ચ કરી. પાર્ટીએ એપ કયા વિસ્તારોમાં સૌથી વધુ ડાઉનલોડ થઈ હતી તેનો ડેટા એકત્રિત કર્યો અને તેનો ઉપયોગ એવા વિસ્તારોને ઓળખવા માટે કર્યો જ્યાં તેની લોકપ્રિયતા સૌથી વધુ હતી.

વિજયની સફળતાનું બીજું મહત્ત્વનું પાસું બૂથ મેનેજમેન્ટ હતું. વિજયનાં ચાહકોનું નેટવર્ક ખૂબ જ મજબૂત અને ભાવનાત્મક રીતે સમર્પિત બન્યું. તેમનું એકમાત્ર લક્ષ્ય વિજયને મુખ્યમંત્રી બનાવવાનું હતું. આ જ કારણ છે કે ટીવીકે પાસે બૂથ સ્ટ્રક્ચર કે પ્રચાર મશીનરી નહોતી એમ કહેવું જૂની ચૂંટણી વિચારસરણી છે. ટીવીકેએ સોશ્યલ મીડિયા અને ટેકનોલોજી પર આધારિત ચૂંટણી રાજકારણનો નવો યુગ રજૂ કર્યો. વિજયના સોશ્યલ મીડિયા પર લગભગ ૧.૬૯ કરોડ ફોલોઅર્સ છે. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ૨૦ મિનિટના ભાષણમાં વિજયે બાળકોને સીધા સંબોધિત કરતાં કહ્યું કે જ્યારે તમને કિન્ડર જોય અથવા ચોકલેટ જોઈએ છે, ત્યારે તમે તમારાં માતાપિતાને ત્યાં સુધી હેરાન કરો છો જ્યાં સુધી તેઓ તે ખરીદીને તમને ન આપે. તેવી જ રીતે તેમને વ્હિસલ પ્રતીક માટે મત આપવા કહો. તે જ રાતથી ઇન્સ્ટાગ્રામ અને એક્સ પર પાંચ-છ વર્ષનાં બાળકોના વીડિયો દેખાવા લાગ્યા, જેમાં તેઓ રડી રહ્યાં હતાં અને તેમનાં માતાપિતાને વિજય મામા માટે મત આપવા માટે કહી રહ્યાં હતાં અને મજાકમાં તેમને ધમકીઓ પણ આપી રહ્યાં હતાં.

ઘણાં વાલીઓએ પણ આવા વીડિયો શેર કર્યા હતા. રાજકીય રીતે વિજયે પોતાનું સમગ્ર રાજકીય વર્ણન ડીએમકે વિરુદ્ધ ટીવીકેની આસપાસ બનાવ્યું હતું. તેમણે એઆઈએડીએમકેને સંપૂર્ણપણે અવગણ્યું અને તેમનું નામ પણ લીધું નહીં. તેમણે કહ્યું કે તે ફક્ત ડીએમકે અને ટીવીકે વચ્ચેની લડાઈ હતી અને તમિલનાડુના રાજકારણમાં ભાજપનો બહુ પ્રભાવ ન હોવાથી, તેમણે સ્પષ્ટપણે કહ્યું કે આપણો રાજકીય હરીફ ડીએમકે છે, જ્યારે આપણો વૈચારિક હરીફ ભાજપ છે. લોકો તેમની સરખામણી એમજીઆર, કરુણાનિધિ અને એન.ટી. રામારાવ જેવા નેતાઓના યુગ સાથે કરી રહ્યા છે. જો તમે એમજીઆરની ફિલ્મો જુઓ છો, તો તેમણે ક્યારેય દારૂ પીધો નથી, ક્યારેય તમાકુનો ઉપયોગ કર્યો નથી અને ભાગ્યે જ નકારાત્મક ભૂમિકાઓ ભજવી હતી. તેમની છબી હંમેશા તેની માતા માટે એક સારા પુત્ર, તેની બહેન માટે એક સારા ભાઈ અને એક સારા પતિ જેવી રહી છે. વિજયની જેમ આંધ્ર પ્રદેશના એન.ટી. રામારાવની પણ કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ નહોતી. તેમણે તેલુગુ દેશમ પાર્ટીની રચના કરી અને એક વર્ષમાં જ મુખ્યમંત્રી બની ગયા હતા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**વિજયના સોશ્યલ મીડિયા પર લગભગ ૧.૬૯ કરોડ ફોલોઅર્સ છે. ટીવીકેએ સોશ્યલ મીડિયા અને ટેકનોલોજી પર આધારિત ચૂંટણીના રાજકારણનો નવો યુગ રજૂ કર્યો છે**

# સારી સ્ટોરીવાળો નબળો ડ્રામા: 'દાદી કી શાદી'






**મૂવી રિવ્યુ**

અમર સોલંકી દ્વારા

ફિલ્મ: 'દાદી કી શાદી'

રેટીંગ: ★☆☆☆☆

એક લાઈનનો પ્રતિભાવ: ફિલ્મ જોવા પાછળ સમય બગાડવા જેવો નથી.

આરટેક સ્ટુડિયોઝ, બીઈંગ યુ સ્ટુડિયોઝ અને શિમલા ટોકીઝની ફિલ્મ 'દાદી કી શાદી' એક ફેમિલી ડ્રામા છે. વિધવા વિમલા (નીતુ કપૂર) તેના લગ્ન થવાના છે તેવી જાહેરાત કરીને તેના બે પુત્રોને ભારે ક્ષોભમાં મૂકી દે છે. આ સમાચાર તેની પૌત્રી કનિકા (સાદિયા ખતીબ) ની રોકા સેરેમનીના દિવસે જ આવે છે. તેના બંને પુત્રો, જીવન (દીપક દત્તા) અને નાગ (જિતેન્દ્ર હુડા), તેમના પરિવારો સાથે શિમલા પહોંચે છે, જ્યાં વિમલા એકલી રહે છે. તેમનો ઉદ્દેશ્ય આહુજા પરિવારની 'આબરૂ' બચાવવા માટે વિમલાને આ લગ્ન રદ કરવા મનાવવાનો છે. ટોની કાલરા (કપિલ શર્મા), જે જીવનની પુત્રી કનિકા સાથે લગ્ન કરવાનો હતો, તે પણ પરિવાર સાથે શિમલા જાય છે. બાદમાં, વિમલાની પુત્રી સુનૈના (રિદ્ધિમા કપૂર સાહની) પણ તેના નાના પુત્ર અને પુત્રી સાથે શિમલામાં જોડાય છે.

આશિષ મોહને એક એવી વાર્તા લખી છે જેનું હાર્દ યોગ્ય છે, કારણ કે તે એ કઠોર સત્યને રેખાંકિત કરે છે કે બાળકો જ્યારે પોતાના પરિવારમાં વ્યસ્ત થઈ જાય છે ત્યારે તેમની પાસે માતા-પિતા માટે સમય હોતો નથી. જો કે સ્ક્રીનપ્લે એટલો ગૂંચવણભર્યો અને લાંબો છે કે આ હૃદયસ્પર્શી વાર્તા ધારી અસર કરવામાં નિષ્ફળ જાય છે. જ્યારે દ્રશ્યોમાંની કોમેડી હસાવે છે, ત્યારે ભાવનાત્મક દ્રશ્યો અસર કરવામાં નિષ્ફળ રહે છે. આશિષ આર. મોહનનું નિર્દેશન સરેરાશ છે. તે રડાવી દે તેવો ડ્રામા બનાવવામાં અસમર્થ રહ્યા છે.

# પીએમ મોદીના ગુજરાત પ્રવાસને લઈને તડામાર તૈયારીઓ શરૂ

**સોમનાથમાં** પહેલીવાર દિલધડક 'સૂર્યકિરણ એર શો' યોજાશે

ગાંધીનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસને લઈને સોમનાથ અને વડોદરામાં તડામાર તૈયારીઑ ચાલી રહી છે.તા. 10 મેની મોડી રાત્રે વડાપ્રધાન જામનગર પહોંચશે, જ્યાંથી તેઓ 11 મેના રોજ સોમનાથ અને વડોદરાના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. 11 મેની સવારે વડાપ્રધાન મોદી સોમનાથ ખાતે પુનઃનિર્મિત સોમનાથ મંદિરના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાનારા 'સોમનાથ અમૃત મહોત્સવ-2026'માં હાજરી આપશે. આ દરમિયાન તેઓ સોમનાથ મહાદેવની વિશેષ મહાપૂજા, કુંભાભિષેક અને ધ્વજારોહણ વિધિમાં ભાગ લેશે. ઉલ્લેખનીય છે કે સોમનાથના ઈતિહાસમાં પહેલીવાર મંદિરના શિખર પર 11 પવિત્ર તીર્થોના જળથી કુંભાભિષેક કરવામાં આવશે. 90 મીટર ઊંચી ક્રેન મારફતે વિશાળ કુંભને મંદિરના શિખર સુધી લઈ જવામાં આવશે અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે અભિષેક કરવામાં આવશે.આ અવસરે વડાપ્રધાન સોમનાથના 75 વર્ષની ગૌરવગાથાને સમર્પિત વિશેષ ટપાલ ટિકિટ અને સ્મારક સિક્કાનું પણ અનાવરણ કરશે.

**વડોદરામાં સરદારધામ હોસ્ટેલનું લોકાર્પણ**

સોમનાથ કાર્યક્રમ બાદ વડાપ્રધાન સાંજે વડોદરા પહોંચશે, જ્યાં તેઓ સરદારધામ હોસ્ટેલનું લોકાર્પણ કરશે. આ પ્રોજેક્ટ અંતર્ગત 1000 વિદ્યાર્થીઓ અને 1000 વિદ્યાર્થીનીઓ માટે આધુનિક હોસ્ટેલ સુવિધા ઉભી કરવામાં આવી છે.સંકુલમાં સેન્ટ્રલ ડાઇનિંગ હોલ, લાઇબ્રેરી, ઓડિટોરિયમ અને ઇ-લાઇબ્રેરી જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જે યુવાનોના શિક્ષણ અને સર્વાંગી વિકાસમાં મદદરૂપ બનશે.

સોમનાથ અમૃતપર્વ દરમિયાન ભારતીય વાયુસેના દ્વારા પહેલીવાર સોમનાથ ખાતે દિલધડક 'સૂર્યકિરણ એર શો' યોજાશે. 11 મેના રોજ સવારે 11 વાગ્યે પ્રથમ જ્યોતિર્લિંગના આકાશમાં છ ફાઈટર જેટ દ્વારા રોમાંચક હવાઈ કરતબો રજૂ કરવામાં આવશે.ભારતીય વાયુસેનાની 'સૂર્યકિરણ એરોબેટિક્સ ટીમ' હૉક એમ.કે.-132 શ્રેણીના ફાઈટર જેટ્સ સાથે 'ટ્રાયકલર સ્મોક ટ્રેઈલ', 'ડાયમંડ ફોર્મેશન', 'લૂપ્સ એન્ડ રોલ્સ' અને 'ક્લોઝ ફોર્મેશન' જેવા અદ્ભુત હવાઈ કરતબો રજૂ કરશે.

એર શો દરમિયાન આ જેટ્સ આશરે 800 થી 900 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડાન ભરશે.વિંગ કમાન્ડર જનમીત શર્માએ જણાવ્યું હતું કે, સમગ્ર કવાયત માટે સૂર્યકિરણ ટીમ દ્વારા જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. 10 મેના રોજ સવારે રિહર્સલ પણ યોજાશે.

સોમનાથના વિકાસના 75 વર્ષ પૂર્ણ થતાં મંદિર અને પ્રભાસક્ષેત્રે આધુનિક સુવિધાઓનો વ્યાપક વિકાસ થયો છે. દરરોજ 25 હજારથી વધુ શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના દર્શન માટે આવે છે, જ્યારે વર્ષ દરમિયાન આશરે 97 લાખથી વધુ ભાવિકો અહીં પહોંચે છે.સોમનાથ ખાતે સમુદ્ર દર્શન પથ, 16 ફૂટ ઊંચી હનુમાનજીની પ્રતિમા, લાઈટ એન્ડ સાઉન્ડ શો, મારુતિ હાટ અને 'સોમગંગાજળ' જેવી સુવિધાઓ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે.

સાબરમતી-વેરાવળ વંદે ભારત ટ્રેન, જેતપુર-સોમનાથ ફોરલેન માર્ગ, કેશોદ એરપોર્ટ અને રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના કારણે સોમનાથ સુધી પહોંચવું વધુ સરળ બન્યું છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### સુરતમાં 40.9...

તાપમાનને કારણે આખું શહેર જાણે આગના ગોળા વરસી રહ્યા હોય તેવી સ્થિતિમાં ફેરવાઈ ગયું હતું.

હવામાન વિભાગના આંકડા મુજબ લઘુત્તમ તાપમાનમાં પણ થોડો ઘટાડો નોંધાયો હતો અને તે ૨૬.૭ ડિગ્રી રહ્યું હતું. હવામાં ૩૧ ટકા ભેજ નોંધાતા ઉકળાટમાં પણ વધારો થયો હતો. સાથે જ ઉત્તર-પશ્ચિમ દિશાથી આશરે ૪ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો, પરંતુ તેનાથી લોકોને ખાસ રાહત મળી નહોતી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર મે મહિનામાં સુરતનું સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય રીતે ૩૫.૭ ડિગ્રી રહે છે, પરંતુ આજે નોંધાયેલું ૪૦.૯ ડિગ્રી તાપમાન સરેરાશ કરતાં લગભગ પાંચ ડિગ્રી વધુ રહ્યું હતું. આ કારણે શહેરમાં હીટવેવ જેવી સ્થિતિ સર્જાઈ હતી. હવામાન વિભાગે આગામી દિવસોમાં તાપમાનમાં હજી વધુ વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે. ગરમીની વધતી અસરને ધ્યાનમાં રાખીને ૯ તારીખથી યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ગયા વર્ષે મે મહિનામાં સૌથી વધુ મહત્તમ તાપમાન 2 મે ના રોજ 38.6 ડિગ્રી નોંધાયું હતું. આ વર્ષે આજનું તાપમાન 40.9 ડિગ્રી નોંધાયું છે. અત્યાસુધી નું મે મહિનાના હાઈએસ્ટ મહત્તમ તાપમાનનો રેકોર્ડ વર્ષ 1956 માં નોંધાયો હતો. 1 મે 1956 ના રોજ મહત્તમ તાપમાન 45.6 ડિગ્રી નોંધાયું હતું. ત્યારપછી આટલું તાપમાન ક્યારેય થયું નથી.

### 24 કલાકમાં...

પણ પડકારજનક સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા બે દિવસથી તાપમાનમાં સતત વધારો થતાં લોકો ગરમીથી બચવા AC, કૂલર, પંખા અને રેફ્રિજરેશન ઉપકરણોનો વધુ ઉપયોગ કરી રહ્યા છે. ખાસ કરીને બપોરના સમયે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વીજ લોડમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ઘરેલું વપરાશ સાથે વેપારી સંસ્થાઓ અને ઉદ્યોગોમાં પણ વીજ માંગ વધી હોવાનું માનવામાં આવે છે.

### ગરમીથી બચવા...

ઘટાડવા આધુનિક ફોગિંગ મશીનનો પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. GPCBના રીજનલ ઓફિસર અરુણ પટેલના માર્ગદર્શન હેઠળ આ ફોગિંગ મશીન સ્થાપિત કરવામાં આવ્યું છે.GPCB સાથેનો આ પ્રયોગ સફળ થશે તો બીજા 2 થી 3 ફોગિંગ મશીનો ખરીદવામાં આવશે.

સાઉથ ગુજરાત ટેકસટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રમુખ અને પાંડેસરા ઇન્ડસ્ટ્રીઝ એસો.ના અગ્રણી જિતેન્દ્ર વખારીયા એ જણાવ્યું હતું કે,છેલ્લા કેટલાક સમયથી પાંડેસરા વિસ્તારમાં ગરમીનું વધતું પ્રમાણ, ઉદ્યોગોમાંથી નીકળતી કોલસી ની રજકણો,પવન સાથે ઊડતી ધૂળ અને ના કારણે વાતાવરણમાં ભારે ફેરફાર જોવા મળી રહ્યો છે. -

### ટોલટેક્સ નહીં...

બાકી છે. આ કેસો કોર્ટ કેસ તરફ પણ દોરી શકે છે," સૂત્રોએ ઉમેર્યું હતું. નોંધનીય છે કે, NHAIએ તાજેતરમાં ગુજરાતના NH-48 પર સુરત-ભરૂચ સેક્શનના ચોર્યાસી ટોલ પ્લાઝા ખાતે મલ્ટી-લેન ફ્રી ફ્લો (MLFF) આધારિત ટોલિંગ સિસ્ટમ શરૂ કરી હતી, જ્યાં પહેલા દિવસે આશરે 41,500 વાહનો અવરોધ-મુક્ત પસાર થયા હતા. ટૂંક સમયમાં દિલ્હી-ચંદીગઢ હાઈવે પર ઘરૌંડા ટોલ પ્લાઝા પર 11 મેથી આ સિસ્ટમ શરૂ થવાની સંભાવના છે. NHAI સમગ્ર હાઈવે નેટવર્કમાં લગભગ 120 સ્થળોએ આ અવરોધ-મુક્ત વ્યવસ્થા લાગુ કરવાની યોજના ધરાવે છે.

નવી વ્યવસ્થા હેઠળ FASTag અને ANPR ટેક્નોલોજી દ્વારા આપમેળે ચાર્જ વસૂલાય છે. અપૂરતી બેલેન્સ કે અમાન્ય FASTagના કિસ્સામાં 72 કલાકની અંદર સામાન્ય ટોલ ચૂકવવાની ઈ-નોટિસ જારી થશે. ત્યારબાદ પણ પાલન ન થાય તો બમણો દર વસૂલવામાં આવશે. ઉપરાંત, જ્યાં સુધી તમામ બાકી લેણાં ન ચૂકવવામાં આવે ત્યાં સુધી સંબંધિત વાહનો માટે પરમિટ, પ્રદૂષણ પ્રમાણપત્ર, માલિકી ટ્રાન્સફર જેવી સેવાઓ પ્રતિબંધિત રહેશે અને ડિફોલ્ટર્સને બ્લેકલિસ્ટ કરવામાં આવશે. NHAI એ વપરાશકર્તાઓને FASTag ખાતામાં પૂરતું બેલેન્સ રાખવા અને ઈ-નોટિસની સમયમર્યાદાનું પાલન કરવા અનુરોધ કર્યો છે.










